# ફિનોલેક્સ ઇન્ડસ્ટ્રીઝ અને મુકુલ માધવ ફાઉન્ડેશને પ્રભાવી વોટર પ્રોજેક્ટ્સ અને વૃક્ષારોપણ પહેલો દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરી



પૂણે, ભારત, ૦૬ જૂન, ૨૦૨૪: વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ફિનોલેક્સ પાઈપ્સ અને તેના સીએસઆર પાર્ટનર મુકુલ માધવ ફાઉન્ડેશન (એમએમએફ)એ ચોમાસા પહેલાં મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ગુજરાતમાં સક્રિયપણે અનેક જળ પ્રોજેક્ટ્સ અને વૃક્ષારોપણ ઝુંબેશ શરૂ કરવાની ગર્વભેર જાહેરાત કરી છે. આ પહેલોનો ઉદ્દેશ સમુદાયોને મહત્ત્વપૂર્ણ સહયોગ પ્રદાન કરીને સ્વચ્છ પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો તથા પર્યાવરણીય ટકાઉપણાને પ્રોત્સાહન આપવાનો છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં એમએમએફે અનેક પહેલો કરી છે તથા ક્રમશઃ પરિવર્તનને આગળ વધારવા માટે વિવિધ સંસ્થાઓ સાથે ભાગીદારી કરી છે. મહારાષ્ટ્રમાં અને આસપાસમાં પ્રદેશોમાં ૧૨,૦૦૦થી વધુ લોકોને જળ સંરક્ષણ પ્રોજેક્ટ્સથી ટેકો મળ્યો છે તથા સિમેન્ટ નાળા બંધને પુનઃસ્થાપિત કરવા અને નિર્માણ કરવા, પાણીના પંપ ગોઠવવા, ઉપલબ્ધતા માટે પાઈપલાઈન નાખવી તથા વરસાદી પાણીના સંગ્રહ અને નદીના કાયાકલ્પ અને પાણીના સ્રોતોની સફાઈ જેવી પહેલો કરી છે. એમએમએફે ભારતમાં વિવિધ પ્રદેશોમાં હજારો પરિવારો માટે પીવાના સ્વચ્છ પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં મહત્ત્વપૂર્ણ પહેલો કરી છે. પૂણેમાં ખડકવાસલામાં ૨ કિમી ડેમને ડી-સિલ્ટીંગ હાથ ધરવામાં આવ્યું છે, જેથી શહેર અને ગ્રામીણ વિસ્તારો બંનેમાં ૧૫ લાખથી વધુ લોકોને લાભ થશે. ગુજરાતમાં પીલુદરામાં પીવાના પાણીની સપ્લાય સ્કીમ દ્વારા ૩૦૦ પરિવારો ઉપર સકારાત્મક અસરો પેદા થઈ છે. આ ઉપરાંત રત્નાગીરીના ત્રણ ગામોમાં ૫૦૦ પરિવારોને પાણીના ટેંકર પૂરા પાડવામાં આવ્યાં છે.